# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩ તા.૧૯-૦૫-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **કોરોના વાયરસને કારણે બંધ રહેલ પ્રાથમિક શાળાના બાળકોને મધ્યાહન ભોજન યોજના અંતર્ગત અનાજની કુપન તથા બાળકોને ફુડ સિક્યુરીટી એલાઉન્સીસ ચૂકવવા બાબત.**

**સંદર્ભ :-** **૧. કમિશનરશ્રી મ.ભો.યો.નો પત્ર ક્રમાંક : મભય/અમલ-૧/ફુડ સિક્યુરીટી એલા/૨૦૨૦/૬૪૭૦ થી ૬૫૯૪ તા.૧૮-૦૫-૨૦૨૦**

**૨. ગુજરાત સરકાર ઠરાવ ક્રમાંક મભય/૨૦૨૦/GOI-૯/આર.શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તા.૧૫-૦૫-૨૦૨૦**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, તાજેતરમાં **નોવેલ કોરોના વાયરસ** (COVID19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે તેના અનુસંધાને મધ્યાહન ભોજન યોજના નિયમો-૨૦૧૫ની જોગવાઈઓ મુજબ શાળાએ જતા બાળકોને જુદા જુદા કારણો સર ભોજન આપવામાં ન આવે તો Food Security Allowances આપવાનું થાય છે. ગુજરાત રાજયની તમામ શૈક્ષણિક સંસ્થાઓ તા.૧૬-૩-૨૦૨૦ થી તા.૨૯-૩-૨૦૨૦ સુધી(૧૧ શૈક્ષણિક દિવસો) બંધ રાખવા રાજય સરકારે જાહેરનામું બહાર પાડેલ છે. જે અન્વયે પરિપત્ર નં.૧૩૨ તા.૨૭-૦૩-૨૦૨૦ અને પરિપત્ર નં.૧ તા.૩-૪-૨૦૨૦ થી આનુષાંગિક કાર્યવાહી કરવા જણાવવામાં આવેલું હતું તથા પરિપત્ર નં.૩ તા.૮-૪-૨૦૨૦ થી તા.૩૦-૦૩-૨૦૨૦ થી તા.૧૪-૦૪-૨૦૨૦ સુધી(૧૦ શૈક્ષણિક દિવસો)માટે આનુષાંગિક કાર્યવાહી કરવા જણાવવામાં આવેલું હતું તથા પરિપત્ર નં.૫ તા.૨૧-૪-૨૦૨૦ થી તા.૧૫-૦૪-૨૦૨૦ થી તા.૦૩-૦૫-૨૦૨૦ (૧૫ શૈક્ષણિક દિવસ) તથા સંદર્ભ દર્શિત પત્ર અનુસાર તા.૦૪-૦૫-૨૦૨૦ થી તા.૦૭-૦૬-૨૦૨૦ (૩૪ શૈક્ષણિક દિવસ) માટે અગાઉ મુજબ જ નીચેની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંદર્ભ દર્શિત પત્રમાં જણાવ્યા અનુસાર ચોથા તબક્કામાં તા.૦૪-૦૫-૨૦૨૦ થી તા.૦૭-૦૬-૨૦૨૦ ૩૪ શૈક્ષણિક દિવસો માટે વિદ્યાસથીઓને કુકીંગ કોસ્ટની રકમ એસ.એમ.સી.ના ખાતામાં જમા કરાવવામાં આવનાર છે. જે રકમ આપની એસ.એમ.સી.ના ખાતામાં જમા થયેથી દિન-૨માં સત્વરે જે-તે વિદ્યાર્થી/વાલીના બેંક એકાઉન્ટમાં જમા કરાવવા જણાવવામાં આવે છે તેમજ દરેક વિદ્યાર્થીઓને નીચે મુજબની અગાઉની જેમ જ આપેલ **કુપનના નમુના મુજબ દિન-૩૪ મુજબનો જથ્થો લખીને કુપન તૈયાર કરી વર્ગ શિક્ષક પાસે જ રાખવાની રહેશે. હાલ આ કુપનનું અત્રેથી અન્ય સુચના ન મળે ત્યાં સુધી વિતરણ કરવાનુ નથી.**

**ધો.૧ થી ૫ : ૧૭૦૦ ગ્રામ ઘઉ તથા ૧૭૦૦ ગ્રામ ચોખા મુજબ કુલ અનાજ :૩૪૦૦ ગ્રામ**

**ધો.૬ થી ૮ : ૨૫૫૦ ગ્રામ ઘઉ તથા ૨૫૫૦ ગ્રામ ચોખામુજબ કુલ અનાજ :૫૧૦૦ ગ્રામ**

તા.૦૪-૦૫-૨૦૨૦ થી તા.૦૭-૦૬-૨૦૨૦ સુધીના સમયગાળા માટે Food Security Allowances (૩૪ દિવસ)

| ધોરણ | ગુજરાત સરકાર દ્વારા વિદ્યાર્થીદીઠ નિર્ધારીત પ્રવર્તમાન કુકીંગ કોસ્ટ / પ્રતિદિન રૂપિયા | વિદ્યાર્થીદીઠ ભારત સરકારશ્રી દ્વારા નિયત થયેલ અનાજનું પ્રમાણ / પ્રતિદિન ગ્રામમાં | | | તા.૦૪-૦૫-૨૦૨૦ થી તા.૦૭-૦૬-૨૦૨૦ થી ૩૪ દિવસ માટે Food Security Allowances પ્રતિ બાળક | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ઘઉ(ગ્રામ) | ચોખા(ગ્રામ) | કુલ અનાજ (ગ્રામ) | કુકીંગ કોસ્ટની રકમ રૂ. | અનાજનું પ્રમાણ | | |
| | | | | | | ઘઉ(ગ્રામ) | ચોખા(ગ્રામ) | કુલ અનાજ (ગ્રામ) |
| ૧ થી ૫ | રૂ.૪.૯૭ | ૫૦ | ૫૦ | ૧૦૦ | રૂ.૧૬૮.૯૮ | ૧૭૦૦ | ૧૭૦૦ | ૩૪૦૦ |
| ૬ થી ૮ | રૂ.૭.૪૫ | ૭૫ | ૭૫ | ૧૫૦ | રૂ.૨૫૩.૩૦ | ૨૫૫૦ | ૨૫૫૦ | ૫૧૦૦ |

બિડાણ : સંદર્ભિત પત્ર-૧ તથા ૨

તા.૧૯-૦૫-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ

શાસનાધિકારી

કમિશનરશ્રી મધ્યાહન ભોજન યોજનાની કચેરી
બ્લોક નં- ૧૪/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર

મધ્યાહન ભોજન યોજના
Mid Day Meal Scheme

ટોચ અગ્રતા / અગત્યનું

Email /જરૂરી

ક્રમાંક:- મભય/અમલ-૧/ ફૂડ સિક્યુરીટી એલા./૨૦૨૦/ ૬૭૭૦ ૬૫૯૪

તા.૧૯/૦૫/૨૦૨૦.

વિષય:-મધ્યાહન ભોજન યોજના અંતર્ગત "કોરોના વાયરસ " ના કારણે પ્રાથમિક શાળાઓના બાળકોને ઉનાળુ વેકેશન દરમિયાન ફૂડ સિક્યુરીટી એલાઉન્સ આપવા બાબતે અનાજ અને ગ્રાન્ટની ફાળવણી.

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારશ્રીના માનવ સંશાધન વિકાસ મંત્રાલય,નવી દિલ્હી નો તા.૨૯/૦૪/૨૦૨૦ ના પત્રક્રમાંક:-F.No.1--2/2020 Desk (MDM).

(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:- મભય/૨૦૨૦/GOI-૯/આર, તા.૧૫/૦૫/૨૦૨૦.

હુકમ:-

નોવેલ કોરોના વાયરસ(KOVID-19)ની મહામારીના પ્રવર્તમાન અસાધારણ સંજોગોમાં શાળાએ જતા બાળકોને પોષણ મળી રહે અને રોગપ્રતિકારક શક્તિ જળવાઈ રહે તે હેતુથી વેકેશન દરમિયાન એટલે કે તા.૦૪/૦૫/૨૦૨૦ થી તા.૭/૦૬/૨૦૨૦ સુધીના કુલ ૩૪ દિવસો માટે શિક્ષણ વિભાગના તા.૧૫/૦૫/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક:- મભય/૨૦૨૦/GOI-૯/આર, થી ફૂડ સિક્યુરીટી એલાઉન્સ આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કરેલ છે. (નકલ સામેલ છે).

મધ્યાહ્ન ભોજન યોજના નિયમો-૨૦૧૫ ના નિયમ-૯ પ્રમાણે નીચે મુજબ Food Security Allowances આપવાનું થાય છે.

૧. પ્રતિ બાળક પ્રતિદિન મળવાપાત્ર અનાજ નો જથ્થો.

૨. રાજ્ય સરકારે નિયત કરેલ કુકીંગ કોસ્ટ.

| ધોરણ | કુલ નોંધાયેલ વિધાર્થી | પ્રતિદિન વિધાર્થી દીઠ કુકીંગ કોસ્ટ (રૂપિયામાં) | વિધાર્થી દીઠ પ્રતિદિન અનાજનું પ્રમાણ (ગ્રામમાં) |
|---|---|---|---|
| ધો.૧ થી ૫ | ૩૨૬૭૬૭૧ | રૂ. ૪.૯૭ | ૧૦૦ ગ્રામ |
| ધો. ૬ થી ૮ | ૧૯૦૪૬૧૭ | રૂ. ૭.૪૫ | ૧૫૦ગ્રામ |
| ધો.૧ થી ૮ કુલ | ૫૧૭૨૨૮૮ | - | - |

તા.૦૪/૦૫/૨૦૨૦ થી તા.૭/૦૬/૨૦૨૦ સુધીના ઉનાળુ વેકેશનના કુલ ૩૪ દિવસો માટે ચુકવવાની થતી ફૂડ સિક્યુરીટી એલાઉન્સીસની વિગત

| ધોરણ | કુલ નોંધાયેલ વિધાર્થીઓ | પ્રતિદિન વિધાર્થીદીઠ કુકીંગ કોસ્ટ (રૂપિયામાં | વિધાર્થી દીઠ પ્રતિદિન અનાજનું પ્રમાણ ગ્રામમાં | પ્રત્યેક બાળકને કુલ ૩૪ દિવસ માટે ચુકવવાની થતી કુકીંગ કોસ્ટની કુલ રકમરૂપિયામાં | પ્રત્યેક બાળકને કુલ ૩૪ દિવસ માટે આપવાનો થતો અનાજનો કુલ જથ્થો (કિલોગ્રામ) |
|---|---|---|---|---|---|
| ધોરણ ૧ થી ૫ | ૩૨૬૭૬૭૧ | રૂ. ૪.૯૭ | ૧૦૦ | ૧૬૮.૯૮ | 3.400 kg |
| ધોરણ ૬ થી ૮ | ૧૯૦૪૬૧૭ | રૂ. ૭.૪૫ | ૧૫૦ | ૨૫૩.૩૦ | ૫.૧૦૦ kg |
| ધો.૧ થી ૮ કુલ | ૫૧૭૨૨૮૮ | - | - | . | . |

આમ આમુખ (૨)માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૧૫/૦૫/૨૦૨૦ના ઠરાવમાં જણાવેલ શરત-(૨)માં જણાવ્યા મુજબ તથા ઠરાવની તમામ માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તતાપુર્વક પાલન કરીને તા.૦૪/૦૫/૨૦૨૦ થી તા.૭/૦૬/૨૦૨૦ સુધીના ઉનાળુ વેકેશનના કુલ ૩૪ દિવસો માટે નોંધાયેલ વિધાર્થીઓને ફૂડ સિક્યુરીટી એલાઉન્સ પૈકી અનાજ વિતરણ અને કુકીંગ કોસ્ટની રકમ ની નિયમસરની ચુકવણીની જરુરી કાર્યવાહી સમયસર પુર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.

મધ્યાહન ભોજન યોજના અમલમાં હોય તેવી તમામ પ્રાથમિક શાળાના નોંધાયેલ વિધાર્થીઓને દૈનિક ધોરણે અનાજનું થયેલ વિતરણ અને કુકીંગ કોસ્ટની ચુકવાયેલ રકમ ની અધતન વિગતો અંગેનો દૈનિક રિપોર્ટ નિયત પત્રકમાં અત્રેના **Email** પર અચુક મોકલવાનો રહેશે.તેમજ મધ્યાહન ભોજન યોજનાની વેબસાઈટ ગુગલ ડ્રાઈવ પર અત્રેથી દર્શાવેલ નિયત નમુનાના પત્રકમાં દરરોજ વિતરણ થયેલ અનાજ અને વિધાર્થી/વાલીના બેંક ખાતામાં જમા થયેલ રકમની માહિતી આપવાની રહેશે.

અનાજ વિતરણ માટે જિલ્લા કક્ષાએ જે પધ્ધતિ નિયત થાય તે મુજબ શાળા દ્વારા વાલીને કુપન આપવામાં આવે અને વાલી દ્વારા **F.P.S** પરથી અનાજ મેળવવામાં આવે કે સસ્તા અનાજની દુકાન (F.P.S) થી જથ્થો શાળામાં લાવી વાલીઓને આપી શકાશે.

શિક્ષણ વિભાગના તા.૧૫/૦૫/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક:-મભય/૨૦૨૦/GOI-૯/આર, ની શરતો મુજબ સ્થાનિક શાળાના મુખ્ય શિક્ષક/ શિક્ષકો મારફતે વિતરણ કરાવવાનું રહેશે.

સોશિયલ ડિસ્ટન્સ જળવાય અને આરોગ્ય વિભાગની સુચનાઓનું પાલન થાય તે જોવું.

વધુમાં ફૂડ સિક્યુરીટી એકટ ૨૦૧૩ અને મધ્યાહન ભોજન યોજનાના નિયમ- ૨૦૧૫ ની જોગવાઈઓ મુજબ આ કામગીરી સમય મર્યાદામાં પુર્ણ કરવાની છે. આ બાબતને ટોચ અગ્રતા આપવા વિનંતી છે.

Food Security Allowances માટે આ સાથે જિલ્લાના નોંધાયેલા કુલ વિધાર્થીઓની સંખ્યા પ્રમાણે કુકીંગ કોસ્ટની કુલ રકમ રૂપિયા ૧૦૩.૪૬ કરોડ અને કુલ ૨૦૮૨૩.૬૩ મેટ્રીક ટન ( ઘંઉ અને ચોખા) અનાજ ની ફાળવણી પત્રક સામેલ છે.

નોંધ ઉપર માન.કમિશનરશ્રીની સંમતિ મેળવેલ છે.

બિડાણ;-ઉપર જણાવ્યા મુજબ.

સંયુકત કમિશનર
મધ્યાહન ભોજન યોજના
ગાંધીનગર.

પ્રતિ.

- નાયબ કલેકટરશ્રી,( MDM)
  મધ્યાહન ભોજન યોજનાની કચેરી
  જિલ્લા સેવા સદન, તમામ
- નાયબ કલેકટરશ્રી,( MDM)
  મ્યુનિસિપલ કોર્પોરેશન, તમામ.

નકલ સવિનય રવાના જાણ સારૂ:-

- નાયબ સચિવશ્રી, (આર-શાખા) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, અન્ન નાગરિક પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અન્ન નાગરિક પુરવઠા ની કચેરી, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડાયરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.ગાંધીનગર
- જનરલ મેનેજરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.ગાંધીનગર

નકલ સવિનય રવાના સંબંધિતોને જરૂરી સુચના આપવા સારૂ:-

- મ્યુનિસિપલ કમિશનરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, તમામ.
- કલેકટરશ્રી, જિલ્લા સેવા સદન, તમામ.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન્, સેકટર -૧૭- ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર.

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ.તમામ્
- હિસાબી અધિકારીશ્રી, સદર કચેરીમાં જરૂરી કાર્યવાહી થવા સારૂ

મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત "કોરોના વાયરસ" ના કારણે પ્રાથમિક શાળાઓના બાળકોને વેકેશન દરમિયાન 'ફુડ સિક્યોરીટી એલાઉન્સ' આપવા બાબત

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃ મભય/૨૦૨૦/GOI-૯/આર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૫/૦૫/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) ભારત સરકારશ્રીના માનવ સંશાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હીનો તા.૨૯/૦૪/૨૦૨૦ના પત્ર ક્રમાંક/F.No.1-2/2020 Desk(MDM)

(૨) કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાની સિંગલ ફાઈલ ક્રમાંક-મભય/અમલ-૧/ફૂડ સીક્યુરીટી એલાઉન્સીસ/૨૦૨૦૫૦૨૧, તા.૦૨/૦૫/૨૦૨૦ થી મળેલ દરખાસ્ત.

આમુખઃ-

નોવેલ કોરોના વાયરસ (COVID-19)ની મહામારીના પ્રવર્તમાન અસાધારણ સંજોગોમાં શાળાએ જતાં બાળકોને પોષણ મળી રહે અને રોગપ્રતિકારક શક્તિ જળવાઇ રહે તે હેતુથી ભારત સરકારના તા.૨૯/૦૪/૨૦૨૦ના સદર્ભ-(૧) સામેના પત્રથી રાજ્ય સરકારને મધ્યાહ્ન ભોજન યોજનાના લાભાર્થી બાળકોને ભોજન પુરું પાડવા અથવા ફુડ સિક્યોરીટી એલાઉન્સ ચુકવવા તે બે પૈકી જેનો અમલ હાલના સંજોગોમાં વ્યવહારુ હોય તે અંગે નિર્ણય લેવા જણાવેલ છે. વર્તમાન નોવેલ કોરોના વાયરસ (COVID-19)ની પરિસ્થિતિને લક્ષમાં રાખીને વિધાર્થીઓના હિતમાં મધ્યાહ્ન ભોજન યોજનાના તમામ લાભાર્થી બાળકોને ભોજન આપવુ કે ફુડ સિક્યોરીટી એલાઉન્સ આપવું તે પૈકી જેનો અમલ શક્ય હોય તે વિકલ્પ મંજૂર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ-

ઉપર્યુક્ત બાબતે થયેલ પુખ્ત વિચારણાને અંતે, રાજ્યમાં ચાલતી મધ્યાહ્ન ભોજન યોજનાના પ્રાથમિક શાળાના બાળકોને પોષણ મળી રહે તેમજ રોગપ્રતિકારક શક્તિ જળવાઈ રહે તે હેતુથી, વેકેશન દરમિયાન એટલે કે તા.૦૪/૦૫/૨૦૨૦ થી તા.૦૭/૦૬/૨૦૨૦ સુધીના કુલ-૩૪ દિવસો માટે ભારત સરકારના તા.૨૯/૦૪/૨૦૨૦ ના સંદર્ભ-(૧) સામેના પત્રથી આપેલ સૂચના પ્રમાણે, નીચે કોષ્ટકમાં દર્શાવ્યાનુસાર 'ફૂડ સિક્યોરીટી એલાઉન્સ' આપવાનું રાજય સરકાર દ્વારા ઠરાવવામાં આવે છે.

Scanned with CamScanner

| ધોરણ | પ્રતિદિન વિદ્યાર્થી દીઠ 'કુકીંગ કોસ્ટ' (રૂપિયામાં) | વિદ્યાર્થીદીઠ પ્રતિદિન અનાજનું પ્રમાણ (ગ્રામમાં) |
|---|---|---|
| ધોરણ ૧ થી ૫ | રૂ.૪.૯૭ | ૧૦૦ ગ્રામ |
| ધોરણ ૬ થી ૮ | રૂ.૭.૪૫ | ૧૫૦ ગ્રામ |

(૧) ઉક્ત કોષ્ટકમાં જણાવેલ 'કુકીંગ કોસ્ટ'ની રકમ તથા અનાજ વિદ્યાર્થી દીઠ, પ્રતિ દિનના ધોરણે આપવાનું રહેશે. આ અંગેની આગળની જરૂરી તમામ આનુષાંગિક કાર્યવાહી કમિશનર, મધ્યાહન ભોજન યોજનાએ સુનિશ્ચિત કરવાની રહેશે.

(૨) શાળાના મુખ્ય શિક્ષક/શિક્ષક/SMC દ્વારા 'ફૂડ સિક્યોરીટી એલાઉન્સ' ની નક્કી થયેલી 'કુકીંગ કોસ્ટ'ની રકમ વિદ્યાર્થી/વાલીઓના બેંક એકાઉન્ટમાં જમા કરાવવાના રહેશે. તેમજ સ્થાનિક સંજોગોને લક્ષમાં લઈ સરકારશ્રીની માર્ગદર્શિકા અનુસાર સોશ્યલ ડીસ્ટન્સ ચુસ્તપણે જાળવી સ્થાનિક શાળાના મુખ્ય શિક્ષક / શિક્ષકો મારફત નાયબ કલેકટર(મ.ભો.યો.) તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જિલ્લાના પુરવઠા તંત્રના પરામર્શમાં રહી અનાજ વિતરણની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ સને. ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રના સદર માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના પેટા સદર ૦૨-એમડીએમ-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ સને. ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રના સદર માંગણી નંબર-૯૫, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના પેટા સદર ૦૨-એમડીએમ-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

(૫) આ અંગેનો ખર્ચ સને. ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રના સદર માંગણી નંબર-૯૬, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૭૯૬-પોષણ યુક્ત આહાર અને પીણાનું વિતરણ –પેટાસદર-૧૦-એમડીએમ-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

Scanned with CamScanner

(૬) સને ૨૦૨૦-૨૧ માટે થનાર વધારાના ખર્ચને ચાલુ નાણાંકીય વર્ષની બજેટ જોગવાઇ માંથી સરભર કરવાનો રહેશે અને જરૂર જણાયે સુધારેલ અંદાજોમાં આ અંગેની જોગવાઇ કરવાની રહેશે.

આ હુકમો કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની સિંગલ ફાઈલ ક્રમાંક-મભય/અમલ-૧/ફૂડ સીક્યુરીટી એલાઉન્સીસ/૨૦૨૦૫૦૨૧ ઉપર સરકારશ્રીની તા.૧૩/૦૫/૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.એમ.મિસણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રા.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રા.અને મા.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મેનેજિંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમલી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ. (કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, મારફત)
- સર્વે મહાનગરપાલિકાના કમિશનરશ્રીઓ( કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, મારફત)
- સર્વે જિલ્લાના નાયબ કલેકટરશ્રીઓ.(મ.ભ.યો.) ( કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, મારફત)
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ. (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી મારફત)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીઓ. (કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, મારફત)
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.

Scanned with CamScanner

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઈટ પર મૂકવા સારૂ.
- નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ, 'ર શાખા'

Scanned with CamScanner

.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ
.............. શાળા નં........
અનાજ મેળવવાની કુપન(મ.ભો.યો.)
તા.૦૪-૦૫-૨૦૨૦ થી તા.૦૭-૦૬-૨૦૨૦ થી ૩૪ દિવસ માટે

| કુપન ક્રમ | ધોરણ ૧ થી ૫ માટે | | | |
|---|---|---|---|---|
| કુલ જથ્થો | ઘઉ | ૧૭૦૦ ગ્રામ | ચોખા | ૧૭૦૦ ગ્રામ |

એફ.પી.એસ. દુકાનદારનું નામ

દુકાનદારની સહી વાલીની સહી

વર્ગ શિક્ષકની સહી મુ.શિ.ની સહી


નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ
.............. શાળા નં........
અનાજ મેળવવાની કુપન(મ.ભો.યો.)
તા.૦૪-૦૫-૨૦૨૦ થી તા.૦૭-૦૬-૨૦૨૦ થી ૩૪ દિવસ માટે

| કુપન ક્રમ | ધોરણ ૧ થી ૫ માટે | | | |
|---|---|---|---|---|
| કુલ જથ્થો | ઘઉ | ૧૭૦૦ ગ્રામ | ચોખા | ૧૭૦૦ ગ્રામ |

એફ.પી.એસ. દુકાનદારનું નામ

દુકાનદારની સહી વાલીની સહી

વર્ગ શિક્ષકની સહી મુ.શિ.ની સહી

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ
.............. શાળા નં........
અનાજ મેળવવાની કુપન(મ.ભો.યો.)
તા.૦૪-૦૫-૨૦૨૦ થી તા.૦૭-૦૬-૨૦૨૦ થી ૩૪ દિવસ માટે

| કુપન ક્રમ | ધોરણ ૧ થી ૫ માટે | | | |
|---|---|---|---|---|
| કુલ જથ્થો | ઘઉ | ૧૭૦૦ ગ્રામ | ચોખા | ૧૭૦૦ ગ્રામ |

એફ.પી.એસ. દુકાનદારનું નામ

દુકાનદારની સહી વાલીની સહી

વર્ગ શિક્ષકની સહી મુ.શિ.ની સહી

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ
.............. શાળા નં........
અનાજ મેળવવાની કુપન(મ.ભો.યો.)
તા.૦૪-૦૫-૨૦૨૦ થી તા.૦૭-૦૬-૨૦૨૦ થી ૩૪ દિવસ માટે

| કુપન ક્રમ | ધોરણ ૧ થી ૫ માટે | | | |
|---|---|---|---|---|
| કુલ જથ્થો | ઘઉ | ૧૭૦૦ ગ્રામ | ચોખા | ૧૭૦૦ ગ્રામ |

એફ.પી.એસ. દુકાનદારનું નામ

દુકાનદારની સહી વાલીની સહી

વર્ગ શિક્ષકની સહી મુ.શિ.ની સહી

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ
.............. શાળા નં........
અનાજ મેળવવાની કુપન(મ.ભો.યો.)
તા.૦૪-૦૫-૨૦૨૦ થી તા.૦૭-૦૬-૨૦૨૦ થી ૩૪ દિવસ માટે

| કુપન ક્રમ | ધોરણ ૧ થી ૫ માટે | | | |
|---|---|---|---|---|
| કુલ જથ્થો | ઘઉ | ૧૭૦૦ ગ્રામ | ચોખા | ૧૭૦૦ ગ્રામ |

એફ.પી.એસ. દુકાનદારનું નામ

દુકાનદારની સહી વાલીની સહી

વર્ગ શિક્ષકની સહી મુ.શિ.ની સહી

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ
.............. શાળા નં........
અનાજ મેળવવાની કુપન(મ.ભો.યો.)
તા.૦૪-૦૫-૨૦૨૦ થી તા.૦૭-૦૬-૨૦૨૦ થી ૩૪ દિવસ માટે

| કુપન ક્રમ | ધોરણ ૧ થી ૫ માટે | | | |
|---|---|---|---|---|
| કુલ જથ્થો | ઘઉ | ૧૭૦૦ ગ્રામ | ચોખા | ૧૭૦૦ ગ્રામ |

એફ.પી.એસ. દુકાનદારનું નામ

દુકાનદારની સહી વાલીની સહી

વર્ગ શિક્ષકની સહી મુ.શિ.ની સહી

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

.............. શાળા નં........

અનાજ મેળવવાની કુપન(મ.ભો.યો.)

તા.૦૪-૦૫-૨૦૨૦ થી તા.૦૭-૦૬-૨૦૨૦ થી ૩૪ દિવસ માટે

| કુપન ક્રમ | ધોરણ ૬ થી ૮ માટે | | | |
|---|---|---|---|---|
| કુલ જથ્થો | ઘઉ | ૨૫૫૦ ગ્રામ | ચોખા | ૨૫૫૦ ગ્રામ |

એફ.પી.એસ. દુકાનદારનું નામ

દુકાનદારની સહી　　　　વાલીની સહી

વર્ગ શિક્ષકની સહી　　　　મુ.શિ.ની સહી


નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

.............. શાળા નં........

અનાજ મેળવવાની કુપન(મ.ભો.યો.)

તા.૦૪-૦૫-૨૦૨૦ થી તા.૦૭-૦૬-૨૦૨૦ થી ૩૪ દિવસ માટે

| કુપન ક્રમ | ધોરણ ૬ થી ૮ માટે | | | |
|---|---|---|---|---|
| કુલ જથ્થો | ઘઉ | ૨૫૫૦ ગ્રામ | ચોખા | ૨૫૫૦ ગ્રામ |

એફ.પી.એસ. દુકાનદારનું નામ

દુકાનદારની સહી　　　　વાલીની સહી

વર્ગ શિક્ષકની સહી　　　　મુ.શિ.ની સહી



નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

.............. શાળા નં........

અનાજ મેળવવાની કુપન(મ.ભો.યો.)

તા.૦૪-૦૫-૨૦૨૦ થી તા.૦૭-૦૬-૨૦૨૦ થી ૩૪ દિવસ માટે

| કુપન ક્રમ | ધોરણ ૬ થી ૮ માટે | | | |
|---|---|---|---|---|
| કુલ જથ્થો | ઘઉ | ૨૫૫૦ ગ્રામ | ચોખા | ૨૫૫૦ ગ્રામ |

એફ.પી.એસ. દુકાનદારનું નામ

દુકાનદારની સહી　　　　વાલીની સહી

વર્ગ શિક્ષકની સહી　　　　મુ.શિ.ની સહી



નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

.............. શાળા નં........

અનાજ મેળવવાની કુપન(મ.ભો.યો.)

તા.૦૪-૦૫-૨૦૨૦ થી તા.૦૭-૦૬-૨૦૨૦ થી ૩૪ દિવસ માટે

| કુપન ક્રમ | ધોરણ ૬ થી ૮ માટે | | | |
|---|---|---|---|---|
| કુલ જથ્થો | ઘઉ | ૨૫૫૦ ગ્રામ | ચોખા | ૨૫૫૦ ગ્રામ |

એફ.પી.એસ. દુકાનદારનું નામ

દુકાનદારની સહી　　　　વાલીની સહી

વર્ગ શિક્ષકની સહી　　　　મુ.શિ.ની સહી



નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

.............. શાળા નં........

અનાજ મેળવવાની કુપન(મ.ભો.યો.)

તા.૦૪-૦૫-૨૦૨૦ થી તા.૦૭-૦૬-૨૦૨૦ થી ૩૪ દિવસ માટે

| કુપન ક્રમ | ધોરણ ૬ થી ૮ માટે | | | |
|---|---|---|---|---|
| કુલ જથ્થો | ઘઉ | ૨૫૫૦ ગ્રામ | ચોખા | ૨૫૫૦ ગ્રામ |

એફ.પી.એસ. દુકાનદારનું નામ

દુકાનદારની સહી　　　　વાલીની સહી

વર્ગ શિક્ષકની સહી　　　　મુ.શિ.ની સહી



નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

.............. શાળા નં........

અનાજ મેળવવાની કુપન(મ.ભો.યો.)

તા.૦૪-૦૫-૨૦૨૦ થી તા.૦૭-૦૬-૨૦૨૦ થી ૩૪ દિવસ માટે

| કુપન ક્રમ | ધોરણ ૬ થી ૮ માટે | | | |
|---|---|---|---|---|
| કુલ જથ્થો | ઘઉ | ૨૫૫૦ ગ્રામ | ચોખા | ૨૫૫૦ ગ્રામ |

એફ.પી.એસ. દુકાનદારનું નામ

દુકાનદારની સહી　　　　વાલીની સહી

વર્ગ શિક્ષકની સહી　　　　મુ.શિ.ની સહી